**Research Review** **ISSN : 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Aug 2019, Year - 6 (76)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ000030**

# 'નવા કલેવર ધરો હંસલા' - રસાસ્વાદ

**ડૉ. વંદનાબેન સી રવૈયા**
અધ્યાપક,
વિવેક ભારતી બી.એડ કોલેજ
બામણગામ – જૂનાગઢ

---

કાવ્ય, ટૂંકીવાર્તા, નાટક અને નવલકથા ઉપરાંત. 'મોહન ગાંધી' મહાકાવ્યનું સર્જન કરનાર મહાકવિ ડાહ્યાભાઇ પટેલનું નામ ગુજરાતી સાહિત્યમાં સુપેરે જાણીતું છે. ગુજરાતી ભક્તિ કાવ્યો ઊર્મિ–પ્રણયકાવ્યો ગઝલ અને લોકગીતોનું ચયન કરી અંગ્રેજીભાષામાં અનુવાદ કરીને તેમણે દળદાર ગ્રંથોનું સંપાદન દ્વારા ગુજરાતી સાહિત્યને વિશ્વ ફલક પર મૂકી આપવાની અનન્ય સેવા કરી છે.

'નવા કલેવર ધરો હંસલા' ડાહ્યાભાઇ પટેલની એક અનન્ય કૃતિ છે. દેશ – વિદેશમાં પોતાને થયેલ વૈવિધ્ય સભર અનુભવો, ચિંતનનું ખમીર અને કલ્પનાનો પ્રસાદ પીરસતા ડાહ્યાભાઇ પટેલ નવલકથાના વાચકને એક અનુપમ પ્રદેશમાં પહોચાડી દે છે.

સાહિત્યમાં નવલકથા સ્વરૂપ પ્રજા જીવન અને તેનો આદર્શ તેના ગુણ અને તેની મર્યાદાઓને અભિવ્યકત કરવાનું ઉત્તમોતમ સાધન બનેલ છે. આધુનિક નવલકથાકારનું પોતાના જીવન - અનુભવો અને વાસ્તવનું નિરૂપણ કરવાની સાથે જ જીવનનું સત્ય શોધવા મથે છે. આથી જ માનવ જીવન માનવ વર્તન વ્યવહારનું એકદમ વાસ્તવિક અને વીગતસમૃધ્દ્ વર્ણન કરતો નવલકથાકાર મુખ્યત્વે સ-રસ જીવન દર્શન કરાવે છે. જીવનના સત્યને કલ્પના પ્રણીત બનાવી રજુ કરે છે. આ રીતે નવલકથાના વિવેચને જે 'અનુભવની સચ્ચાઇ' નો આગ્રહ રાખ્યો છે. તે શ્રી ડાહ્યાભાઇ પટેલની નવલકથામાં નખશિખ જોવા મળે છે.

૫૦ ના દશકામાં પ્રથમવાર પ્રકાશિત થયેલ સબળ વાર્તાત્વ ધરાવનાર આ રસપ્રદ નવલકથા 'નવા કલેવર ધરો હંસલા' સાહિત્ય અને કલાની દુનિયામાં સંઘર્ષ કરી આગળ વધવા, વિકાસ કરવા મથતા માનવીઓની વાત છે. આ બધા જ માનવીઓ, સ્ત્રી, પુરૂષ પાત્રો, પોતાના ભક્તિગત ગુણ – અવગુણ સાથે વાસ્તવિક સ્વરૂપે સાંગોપાંગ રજુ થયાં છે, એ આ નવલકથાનું અગત્યનું પાસુ કહી શકાય.
સબળ વાર્તાતત્વ, સુરેખ પાત્ર નિરૂપણ, અદભૂત પ્રસંગ નિરૂપણ, તર્કબધ્દ્ ઘટનાક્રમ તથા વીગત પ્રચુર વર્ણન શૈલી આ નવલકથાને અત્યંત આસ્વાધ બનાવે છે.

માનવ જીવનનાં પ્રાણ તત્વ પ્રેમ અને પ્રણય ભાવનું વિશીષ્ટ કલામય નિરૂપણ વાચકના મનોભાવને સ્પર્શી જાય છે. તો પ્રણવ ભાવની સાથે જોડાયેલ કારૂણ્ય, વિવશતા અને માનવ મનનાં સંકુલ સંવેદનો વાચકને 'આ તો મારી પોતાની જ, મે જોયેલી, અનુભવેલી જ વાત છે' એવી પ્રતીતિ કરાવે છે. નવલકથામાં ગૂંથાયેલ વાર્તા, કથા પ્રવાહમાં વણી લેવાયેલ નાટક લેખકની – લેખન- કુશળતા પુરવાર કરે છે. વાર્તા પ્રવાહમાં વહી આવતા ગીત, કાવ્ય, ગઝલ, ઉક્તિઓ એક નવલકથાકાર તરીકે શ્રી ડાહ્યાભાઇ પટેલની આગવી સૂઝ દર્શાવે છે. સમગ્ર કથા દરમિયાન દેશ –પરદેશનાં સ્થળો સાહિત્યકારો અને અન્ય વિગતોનો ઉલ્લેખ લેખકના બહોળા વાચન, જ્ઞાન અને પ્રવાસ શોખનું દર્શન કરાવે છે. રંગમંચ પર ભજવી શકાય અને મલ્ટી સ્ટેટર ફિલ્મ બનાવી શકાય તેવી આ નવલકથાનો આસ્વાદ કરીએ.

વાર્તા શરૂ થાય છે. સર્જક - લેખક પીયુષની યુવાવસ્થાથી અને ફ્લેશબેક ટેકનિકથી નવલકથાકાર પીયુષનું ગરીબાઇ અને સંઘર્ષમાં વીતેલું બાળપણ, ગુણ પારખુ શિક્ષકની મદદથી અમદાવાદમાં સંઘર્ષપૂર્ણ વિધાર્થીકાળ અને કિશોરાવસ્થામાં જ થયેલ લગ્નનાં પ્રસંગો વાચકને બતાવે છે. બનાવો ખૂબ ઝડપથી બને છે. સર્જક પીયુષ એક બાળકીના પિતા બને છે. એક દિવસ આવે છે, મુંબાઇની ફિલ્મ કંપનીનો પત્ર, આ પત્ર એક સબળ પાત્રનું કામ કરીને આખાય વાર્તા પ્રવાહને એક જુદી જ દિશા આપે છે ! બીજા પ્રકરણમાં ચાહલતાનું પાત્ર રજૂ થાય છે. આ નવલકથાની ખૂબી એ છે કે વાચકને પ્રત્યેક નવા પાત્રની પહેચાન થાય છે. પરણ્યા વિના જ સહજીવન જીવતા નર્મદા-બાબુરાવની દીકરી ચારૂલતા મુંબઇ આવે છે. સર્જક પીયુષની નવલકથા પરથી

'ધરતીની પ્રીત' નામની ફિલ્મ ઉતારનાર ધીરુભાઇ નાયક સાથે કામ કરે છે. પીયુષના સંપર્કમાં આવે છે. નવલકથાના પાંચમાં પ્રકરણમાં એક સરસ નાટક 'રંગીલી રાણી' પ્રતીકાત્મક સ્થાન પામ્યું છે. આ નાટકના આલેખન દ્વારા નવલકથાકાર શ્રી ડાહ્યાભાઇ પટેલ પ્રણયની કરુણતા અને આપણા સમાજમાં લેખક –સર્જકની સામાજિક, આર્થિક અને લાગણીના સ્તરે થતી દૂર્દશા બતાવવામાં સફળ થયા છે. છઠ્ઠા અને સાતમાં પ્રકરણમાં હીરા જડેલો સુવર્ણનો હાર પ્રવેશ છે. આ કાલ્પનિક પાત્ર સુવર્ણ હાર સમગ્ર વાર્તા દરમિયાન પોતાની હાજરીનું મહત્વ દર્શાવ્યા કરે છે. અને કથાનકની ગતિને મદદ કરે છે.

ચારૂલતા ફ્રેન્સની એક ગુટીએરની ચાલમાં ફસાય છે. ફ્રાન્સ પહોંચ્યા બાદ ગુટીએરના વર્તન વ્યવહારથી મનોયાતના અનુભવે છે. પોતે છેતરાઇ ગઇ હોય તેવો ભાવ અનુભવે છે. બીમાર થાય છે. બીજી સ્ત્રી સેલીની મદદથી ભારત પાછી ફરે છે. ઘટનાક્રમની ગુંથણી મુજબ નાયક પીયુષને હોસ્પિટલમાં મળે છે. તે પહેલા કીર્તિ-જયેન્દ્રની સગાઇ, કીર્તિનું પીયુષ પટેલની મદદમાં રહેવું, પત્રકારોની મદદથી પીયુષની માંદગી અને કફોડી હાલત વિશે અખબારોમાં પ્રસિદ્ધિ મળવી. વગેરે બનાવોની રજૂઆત લેખકે ખૂબીપૂર્વક કરી છે.

વાર્તાના અંતે ગુટીએરે સ્લો-પોઇઝન લીધું હોવાથી મૃત્યુના મુખમાં ધકેલાઇ ગયેલી ચાહતના, સેલીને પત્ર લખીને ચેતવી દઇને ગેટીએર સાથે લગ્ન કરતા અટકાવે છે. અને મૃત્યુ પામે છે. વાતાવરણમાં પેલા પ્રચલિત ભજનની પંક્તિ 'નવા કલેવર ધરો હંસલો' ગુંજી ઊઠે છે.

સાચે જ આત્માની પરમપદ પામવાની ગતિમાં જીવ હંસલો નિરંતર નવા કલેવર ધરતો જ રહે છે.

આ નવલકથા વાંચતા સમગ્ર પાત્રસૃષ્ટિ સાથે એકરૂપ થઇ, પાત્રના ભાવ જગતને અનુભવતાનો મોકો મળે છે. રસપ્રધાન વાર્તાત્વને અદભૂત પ્રસંગોમાં ગૂથીને એક નવા જ પ્રદેશમાં વાંચકને પહોચાડવાનો પુરુષર્થ લેખક ડાહ્યાભાઇ પટેલે કર્યો છે.

## સંદર્ભ ગ્રંથી સૂચિ

(૧) આધુનિક નવલકથામાં માનવ - ડૉ. ઉપેન્દ્ર દવે
(૨) કથા સાહિત્યનું વિવેચના - ભારતી દલાલ
(૩) ગુજરાતી નવલકથા - રઘુવીરચૌધરી, રાધેશ્યામ શર્મા
(૪) ગુજરાતી નવલકથાની ગતિવિધિ - બાલુદાવલપુરા
(૫) ગુજરાતી કથાવિશ્વ - સં. ડૉ.નરેશવેદ, બાબુ દાવલપુરા
(૬) નવલકથા કથાસ્વરૂપ - ડૉ. પ્રવિણદરજી
(૭) ડાયસ્પોરા સાહસ્વન બળવંત નાયક - ડૉ. બળવંત જાની
(૮) ડાહ્યાભાઇ પટેલની ડાયસ્પોરા વાર્તાઓ - ડૉ. બળવંત જાની
(૯) સ્વાધ્યાય અને સંશોધન - ડૉ. બળવંત જાની
(૧૦) સાહિત્યમાં આધુનિકતા - ડૉ. સુમન શાહ
(૧૧) બ્રિટનનાં ગુજરાતીઓ - ડૉ.જગદીશ દવે, ડૉ. પ્રણવ શેઠ
(૧૨) પાશ્વત્ય નવલકથા - દિગીશ મહેતા
(૧૩) અધીત - અધ્યાપક સંઘ પ્રકાશિન
(૧૪) કથાપદ - ડૉ. સુમનશાહ
(૧૫) કથાપન -બાબુદાવલપુરા